# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ,કપરાડા

મુ.પો.-કપરાડા નિશાળ ફળિયા,પાણીની ટાંકી પાસે તા.-કપરાડા જી.-વલસાડ,પિન કોડ નં.૩૯૬૦૬૭
સ્થાપના વર્ષ: ૨૦૧૨ ઈ-મેઈલ : gackaparada@gmail.com, URL:www.kaparadacollege.org

GACK/2019/ N.B./CBCS/297 DATE:23/07/2019

<u>નેટ બેકિંગ અને CBCS કાર્યક્રમનો અહેવાલ</u>

તા. 20/07/2019 ના રોજ (11 a.m. to 12.15 p.m.) સરકારી વિનયન કૉલેજ, કપરાડા ખાતે 'નેટ બેકિંગ અને CBCS- Choice Based Credit System' અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું.

ઉપરોક્ત કાર્યક્રમમાં 'નેટ બેકિંગ' વિષયના પ્રમુખ વક્તા તરીકે શ્રી દિવ્યેશભાઈ ભોયા (SBI, કપરાડા બ્રાંચ મેનેજર) એ પોતાની હાજરી નોંધાવી.

કાર્યક્રમનો ઉપાડ ડૉ. પ્રફુલભાઈ કુરકુટિયા દ્વારા થયા બાદ આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબે ઉપસ્થિત મહેમાનોનું શબ્દિક સ્વાગત અને પરિચય કરાવ્યો. ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓને, એમાં વિશેષ રૂપે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને 'CBCS- Choice Based Credit System' અંગે વિસ્તારપૂર્વક માહિતી આપી. તેમજ ડૉ. પ્રફુલભાઈ કુરકુટિયાએ પણ વિદ્યાર્થીઓને 'Choice Based Credit System' અંગે માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

શ્રી દિવ્યેશભાઈ ભોયાએ કેટલીક સામાન્ય પ્રશ્નોત્તરી દ્વારા પોતાના વિષય પર પકડ જમાવી વિદ્યાર્થીઓને પૈસા ઉપાડની પરંપરાગત પદ્ધતિ અને આધુનિક પદ્ધતિ વચ્ચેનો તફાવત સમજાવી નેટ બેકિંગના ફાયદા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

'SBI YONO' એપ વિદ્યાર્થીઓ વડે સફળતાપૂર્વક ડાઉનલોડ કરાવ્યા બાદ 'YONO' દ્વારા શોપિંગ કે ટ્રેનના ટિકિટની બુકિંગ કરવાની પદ્ધતિની સમજ આપી.

કાર્યક્રમની આભારવિધિ પ્રા. સંદિપભાઈ ટંડેલે કરી. રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહૂતી જાહેર કરવામાં આવી.

Govt. Arts College Kaparada • Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.